# એસ.યુ.જી.કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વાસણા, અમદાવાદ- ૦૭

ડૉ.જગદીશભાઈ આર મહિડા

**વિષયઃ** સામાજિક વિજ્ઞાન　　　　　　　　　　ધોરણઃ

**વિષયાંગઃ** બહુહેતુક યોજનાઓ　　　　　　　　　　તા.

❖ **સામાન્ય હેતુઓઃ**

(૧) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરે

(૨) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયના જ્ઞાનની સમજ મેળવે.

(૩) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો નવીન પરિસ્થિતિમાં ઉપયોગ કરે.

(૪) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયક આનુસાંગિક કૌશલ્યો કેળવે.

(૫) વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ લેતાં થાય.

❖ **શૈક્ષણિક પદ્ધતિઃ** કથન ચર્ચા પદ્ધતિ અને આઈસીટી　　**પ્રયુક્તિઃ** વિષયાભિમુખ, સ્પષ્ટીકરણ, કા.પા.કાર્ય અને સ્વાધ્યાય

❖ **એકમ માટે અપેક્ષિત પૂર્વજ્ઞાન** : એકમ આધારિત પ્રશ્નોત્તરી

❖ **સંદર્ભ સાહિત્ય** : (૧) ધોરણ – 9 સામાજિક વિજ્ઞાન (૨) આપણી દુનિયાઃ ભાસ્કર વિદ્વાંસ

❖ **શૈક્ષણિક સાધનોઃ** ગુજરાતનો પાકૃતિક નકશો,ભારતનો પાકૃતિક નકશો,

| પ્રવૃત્તિ ક્રમ | વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ |
|---|---|---|---|---|
| પ્ર<br>સ્તા<br>વ<br>ના | ⇨ વિદ્યાર્થીઓ પૂર્વજ્ઞાન તાજું કરે.<br>⇨ વિદ્યાર્થીઓ નવું જ્ઞાન મેળવવા તત્પર થાય. | ◆ પાણીના પ્રાપ્તિ સ્થાનો<br>◆ કૂવા, તળાવ, નદીઓ, સરોવર, વાવ, સમુદ્ર | શિક્ષક એકમના અનુસંધાનમાં નીચેના જેવા પ્રશ્નો પૂછી વિષયાભિમુખ કરશે.<br>⇨ પાણીના પ્રાપ્તિ સ્થાનો કયાં કયાં છે?<br>⇨ નદીઓનું વહેતુ પાણી અંતે કોને મળે છે?<br>⇨ નદીઓનું વહેતુ પાણી સમુદ્રમાં વહી જતું અટકાવવા શું કરવામાં આવે છે?<br>⇨ આ બંધ બાંધવાથી બીજા કયા કયા ફાયદા થઈ શકે? | વિદ્યાર્થીઓ શિક્ષકે પૂછેલા પ્રશ્નોનું ધ્યાનપૂર્વક શ્રવણ કરશે.<br><br>વિદ્યાર્થીઓ શિક્ષકે પૂછેલા પ્રશ્નોના પૂરા વાક્યોમાં જવાબ આપશે. |
| હેતુકથન | ⇨ વિદ્યાર્થીઓ વિષયાંગથી પરિચિત થાય | <u>વિષયાંગ:</u> બહુહેતુક યોજનાઓ | વિદ્યાર્થી મિત્રો, આજે આપણે બહુહેતુક યોજનાઓની ઉપયોગિતા વિશે અભ્યાસ કરીશું. | વિદ્યાર્થીઓ વિષયાંગની નોંધ પોતાની નોંધપોથીમાં કરશે. |
| વિ<br>ષ<br>ય<br>નિ<br>રૂ<br>પ<br>ણ | ⇨ વિદ્યાર્થીઓ દામોદર યોજનાથી પરિચિત થાય.<br>⇨ વિદ્યાર્થીઓ નદીઓ ઉપર બંધ બાંધવાના વિવિધ કારણો જણાવે.<br>⇨ વિદ્યાર્થીઓ બહુહેતુક યોજનાથી થતા વિવિધ લાભો જણાવે. | ❖ **<u>દામોદર યોજના</u>**<br>◆ બિહાર અને પશ્ચિમ બંગાળામાંથી પસાર થતી નદી—દામોદર નદી<br>◆ રાણીગંજનો -ઔદ્યોગિક વિસ્તાર<br>◆ બહુહેતુક યોજના<br>◆ વીજળી અને સિંચાઈની સુવિધા<br>◆ સ્વતંત્ર ભારતની સૌ પ્રથમ બહુહેતુક યોજના | ❖ દામોદર નદી શિક્ષક ભારત પાકૃતિક નકશામાં ભારતની વિવિધ નદીઓ પર આવેલી યોજનાઓના સ્થળો દર્શાવી જરૂરી કથન ચર્ચા કરી નીચેના જેવા પ્રશ્નો પૂછી કા.પા.નોંધ કરશે.<br>⇨ દામોદર નદી ભારતના કયા બે રાજ્યોમાં થઈને વહે છે?<br>⇨ દામોદર નદી પર કયો બંધ બાંધવામાં આવેલ છે ? | વિદ્યાર્થીઓ શિક્ષકે દર્શાવેલ ભારતના નકશામાં નદીઓના સ્થળોનું અવલોકન કરશે.<br><br>વિદ્યાર્થીઓ શિક્ષકે દર્શાવેલ ભારતના નકશામાં નદીઓ પર |

| | | | | |
|---|---|---|---|---|
| | ⇨ વિદ્યાર્થીઓ ભારતના નકશામાં વિવિધ નદીઓના સ્થાન જણાવે.<br><br>⇨ વિદ્યાર્થીઓ ભારતના નકશામાં વિવિધ નદીઓના પરની યોજનાઓના સ્થાન જણાવે.<br><br>⇨ વિદ્યાર્થીઓ ભાકરા નાગલ યોજના વિશે સમજ મેળવે.<br><br>⇨ વિદ્યાર્થીઓ નદીઓથી | ❖ **<u>હીરાકુંડ યોજના</u>**<br>◆ ઓરિસ્સા<br>◆ દુનિયાનો સૌથી લાંબો બંધ—જેની લંબાઈ ૪.૫ કિમી.<br>◆ સંબલપુર નજીક હીરાકુંડ પાસે<br>◆ રૂરકેલામાં લોખંડ પોલાદનો ઉદ્યોગ<br>● ઓરિસ્સાની ૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા<br>❖ **<u>ભાકરા નાંગલ યોજના</u>**<br>◆ પંજાબ અને સતલજ નદી<br>◆ ગોવિંદ સાગર સરોવર<br>◆ પંજાબ,હરિયાણા અને રાજસ્થાનની ૧૫ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા<br>◆ ઈન્દિરા નહેર - રાજસ્થાનની મરુભૂમિ માટે ઉપયોગી<br>❖ **<u>નર્મદા યોજના</u>**<br>◆ નર્મદા – ગુજરાતની સૌથી મોટી | ⇨ ભારતનો સૌથી મોટો સમૃદ્ધ અને ઔદ્યોગિક વિસ્તાર કયો છે?<br>⇨ આ બંધ બાંધવાથી પશ્ચિમ બંગાળાની કેટલા લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થશે.<br>⇨ મહા નદી કયા રાજ્યમાં થઈને વહે છે?<br>⇨ મહા નદી પર જે બંધ બાંધવામાં આવેલ છે તે કયા નામે ઓળખવામાં આવેલ છે?<br>⇨ આ યોજનાને પરિણામે ઓરિસ્સાની કેટલા લાખ હેક્ટર જમીનને સિચાઈની સુવિધા પ્રાપ્ત થશે ?<br><br>⇨ સતલજ નદી ભારતના કયા રાજ્યમાં થઈને વહે છે?<br>⇨ આ નદી ઉપર કયો બંધ બાંધવામાં આવેલ છે?<br>⇨ આ બંધ બાંધવાના કારણે ભારતા કયા કયા રાજ્યોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ છે?<br>⇨ આ બંધ માંથી કઈ એક નહેર કાઢવામાં ાવેલ છે?<br>⇨ ઈન્દિરા નહેરના પરિણામે રાજસ્થાનના કયા વિસ્તારને તેનો લાભ મળેલ છે? | આવેલી વિવિધ યોજનાઓના સ્થળોનું અવલોકન કરશે.<br><br>વિદ્યાર્થીઓ શિક્ષકે પૂછેલા પ્રશ્નોના પૂરા વાક્યોમાં જવાબ આપશે. |

| | | | | |
|---|---|---|---|---|
| મૂલ્યાંકન<br><br>સ્વાધ્યાય | રચાતા સરોવરના નામ આપો.<br><br>⇨ વિદ્યાર્થીઓ ભાકરા નાગલ યોજનાનો લાભ લેતાં રાજ્યો ભારતના નકશામાં દર્શાવે.<br><br>⇨ વિદ્યાર્થીઓ આ યોજનાને પરિણામે ઓરિસ્સા રાજ્યને થતાં લાભ જણાવે.<br>⇨ વિદ્યાર્થીઓ મેળવેલ જ્ઞાનને દઢ કરે<br><br>⇨ વિદ્યાર્થીઓ મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરે | નદી<br>◆ નર્મદા – ગુજરાતની જીવાદોરી<br>◆ નવાગામ પાસે ઉપરવાસ<br>◆ ૧૨૧૦મી.લંબાઈ,૧૪૭મી.ઊંચાઈ<br>◆ સરદાર સરોવર<br>◆ વીજળી, સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા<br>◆ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને <u>મહારાષ્ટ્રને થતા લાભો</u><br><br>**મૂલ્યાંકન કસોટી**<br><br>**❖ સ્વાધ્યાય કાર્ય** | ⇨ નર્મદા નદી પર કઈ યોજના આવેલી છે?<br><br>⇨ નર્મદા નદી પર બંધ બાંધવાથી રચાતા સરોવરનું નામ શું છે?<br>⇨ આ યોજનાને પરિણામે કયા રાજ્યોને વીજળી અને સિંચાળનો લાભ મળશે?<br>⇨ નર્મદાને ગુજરાતની જીવાદોરી શા માટે કહેવામાં આવે છે ?<br><br>શિક્ષક એકમના અનુસંધાનમાં વિદ્યાર્થીઓને મૂલ્યાંકન પ્રત આપી આપેલ જ્ઞાનની ચકાસણી કરશે.<br><br>શિક્ષક એકમના અનુસંધાનમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય કાર્ય આપશે. | વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલ મૂલ્યાંકન પ્રત આધારિત પ્રશ્નોના જવાબ આપશે.<br>વિદ્યાર્થીઓ ભારતના નકશામાં નદીઓનો વિસ્તાર દર્શાવશે.<br>વિદ્યાર્થીઓ શિક્ષકે આપેલ સ્વાધ્યાય કાર્યની નોંધ પોતાની નોંધપોથીમાં કરશે. |

<table>
<tr><td colspan="2">

**<u>કા.પા.કાર્ય</u>**

**વિષય: <u>સામાજિક વિજ્ઞાન</u>** **ધોરણ:**

**વિષયાંગ: બહુહેતુક યોજનાઓ** **તા.**

</td></tr>
<tr><td>

❖ **<u>દામોદર યોજના</u>**

⇨ વિસ્તાર : બિહારનો ઝરિયા અને પ.બંગાળા

⇨ દામોદર યોજના

⇨ રાણીગંજનો સમૃદ્ધ ઔદ્યોગિક વિસ્તાર

⇨ બંગાળાની ૫ (પાંચ) લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા

❖ **<u>હીરાકુંડ યોજના</u>**

⇨ ઓરિસ્સામાં વહેતી મહાનદી

⇨ રૂરકેલાના લોખંડ પોલાદનો ઉદ્યોગ

⇨ ભારતની પ્રથમ બહુહેતુક યોજના

</td><td>

❖ **<u>ભાકરા નાંગલ યોજના</u>**

⇨ પંજાબમાં વહેતી સતલજ નદી પર ભાકરા નાગલ યોજના

⇨ ગોવિંદ સાગર સરોવર

⇨ રાજસ્થાન,પંજાબ,હરિયાણા અને ચંડીગઢ રાજ્યની ૧૫ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધાનો લાભ

⇨ ઈન્દિરા નહેર

❖ **<u>નર્મદા યોજના</u>**

⇨ ગુજરાતમાં નવાગામ પાસે – નર્મદા યોજના

⇨ ૧૩૭ મીટર ઊંચો બંધ

⇨ રાજસ્થાન,મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતને મળતો લાભ ગુજરાતની જીવાદોરી

</td></tr>
</table>

# <u>મૂલ્યાંકન કસોટી</u>

**વિષયઃ <u>સામાજિક વિજ્ઞાન</u>** **ધોરણઃ**

**વિષયાંગઃ બહુહેતુક યોજનાઓ** **તા.**

## (વિભાગ – અ)

❖ **સૂચનાઃ મને ઓળખી કાઢો.**

(૧) મને ગુજરાતની જીવાદોરી કહેવામાં આવે છે?

(૨) હું ભારતના સૌથી મોટો સમૃદ્ધ અને ઔદ્યોગિક વિસ્તાર છું.

(૩) હું ભારતની પ્રથમ બહુહેતુક યોજના છું.

(૪) મારા પર બંધ બાંધવાથી રચાનાર સરોવરનું નામ ગોવિંદ સાગર સરોવર છે.

## (વિભાગ – બ)

❖ **સૂચનાઃ ભારતના નકશામાં નીચેના સ્થાનો દર્શાવો.**

(૧) દામોદર યોજના (૨) ભાકરા નાંગલ યોજના (૩) હીરાકુંડ યોજના (૪) સરદાર સરોવર

☞ **સ્વાધ્યાય :** બહુહેતુક યોજના એટલે શું? તેના મહત્ત્વ વિશે લખી લાવવું.